**તાપમાન**

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૩૪.૦° સે. | ૨૬.૦° સે. |
| બારડોલી | ૩૨.૦° સે. | ૨૫.૦° સે. |
| ભરૂચ | ૩૪.૦° સે. | ૨૬.૦° સે. |
| વ્યારા | ૩૨.૦° સે. | ૨૫.૦° સે. |

## સંક્ષિપ્ત સમાચાર

### ઓલપાડ-કીમ રોડ પર ચાલુ કારમાં આગ, પરિવારનો બચાવ


કિરણ ઢોડિયા

કીમ: ઓલપાડ- કીમ રાજ્યધોરી માર્ગ પર ઓલપાડથી કીમ તરફ જઈ રહેલી કારમાં કદરામા ગામ નજીક પહોંચતા અચાનક આગ ભભૂકી ઊઠી હતી. કારમાં આગ લાગતા જ કારમાં સવારના સભ્યો તાત્કાલિક બહાર નીકળી જતાં આબાદ બચાવ થયો હતો. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા સમગ્ર કાર ભડકે બળવા લાગી હતી. ઘટનાની જાણ ફાયર વિભાગને કરવામાં આવતા ફાયર ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગ કાબૂમાં કરી હતી.

### કુડસદમાં પશુપાલક પર ત્રણ શખ્સનો હુમલો

કીમ: શુક્રવારની સાંજે ઓલપાડના કુડસદ ગામમાં SBI ગ્રાહક સેવા કેન્દ્ર, ચિરાગ રેસિડેન્સી સામે જાહેરમાં ઇસ્લામનબી લાલમોહમદ પઠાણ સાથે મહમદ હુસેન ઇન્સાફઅલી ખાન, અજીજુર રહમાન મહમદ હુસૈન ખાન અને અતીકુર મહમદ હુસૈન ખાને ગાળાગાળી કરી તેને ઢીક-મુક્કીનો માર માર્યો હતો તેમજ લાકડાના ફટકા માથાના ભાગે મારી ઇજા પહોંચાડી હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. ત્યારબાદ આરોપીઓએ ફરી દરબાર પર દેખાશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે. કીમ પોલીસે ત્રણ શખ્સ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### પલસાણા હાઈવે પર કાર અડફેટે સિક્યુરિટી ગાર્ડનું મોત

પલસાણા: શનિવારે સાંજે સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા અક્રમ કલામુદ્દીન ખાન (ઉં.વ.૪૪) પલસાણા ગામ નજીક દુર્ગા કોલોની સામેથી હાઇવે ક્રોસ કરી રહ્યા હતા. આ સમયે હ્યુન્ડાઇ આઇ-૧૦ ગાડી (GJ-05-JH-1911)ના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં ગંભીર ઈજાના પગલે તેમનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. પલસાણા પોલીસે ગુનો નોંધી કારચાલકની તપાસ હાથ ધરી છે.

### નેત્રંગના લાલ માટોડી વિસ્તારમાંથી બે જુગારી ઝડપાયા, ચાર ફરાર

નેત્રંગ: નેત્રંગ પોલીસે લાલ માટોડી ખાતે રહેતા રાજેશ ઉર્ફે ખન્ના વસાવાના ઘર આગળની ખુલ્લી જગ્યામાં રેઈડ પાડી હારજીતનો જુગાર રમતા રાજેશ અભેસિંગ વસાવા (રહે., નોળિયા કંપની, નેત્રંગ) અને ગુલામ મુસ્તફા શેખ ઉર્ફે રહીમ (રહે., લાલ માટોડી, નેત્રંગ)ને ઝડપી પાડી રૂ.3,150ની રોડ જપ્ત કરી રાજેશ ઉર્ફે ખન્ના વસાવા, રસિક ઉર્ફે રસિયો, છોટુ હજામ, રાકેશ નારણને વોન્ટેડ જાહેર કરી ગુનો નોંધ્યો હતો.

### સાગબારાના સેલંબામાંથી 9 જુગારી પકડાયા

સાગબારા: સાગબારાના સેલંબા ગામમાં ઈન્દિરા આવાસમાં શ્રાવણીયા જુગાર રમાઈ રહ્યો હોવાની ચોક્કસ માહિતીના આધારે સાગબારા પોલીસે દરોડો પાડી 9 જુગારીને ઝડપી પાડ્યા હતા. પોલીસે ધુપભાઈ શિવરામ તડવી, કરણભાઈ ઉકડીયાભાઈ તડવી, સુનીલ શ્યામરામ વેડાંણે, સંતોષભાઈ મંગાભાઈ કોળી, ગણેશભાઈ સંજયભાઈ કોળી, કમલેશભાઈ વસંતભાઈ સાઠે, રાજેન્દ્રભાઈ સુદામભાઈ કોળી, મનોજકુમાર ગણેશભાઈ માળી અને આકાશભાઈ દીપકભાઈ મંકેશ્વર (તમામ રહે., સેલંબા)ને પકડી પાડી દાવ પરના રૂ.3,600 અને રૂ.9,200 રોકડા, 4 મોબાઈલ ફોન મળી કુલ રૂ.36,800નો મુદ્દામાલ કબજે કર્યો છે.

### મઢી ગામે નદીના કિનારેથી 4 જુગારી ઝડપાયા

બારડોલી: બારડોલી રૂરલ પોલીસે મઢી ગામે બેડી ફળિયા પાછળ આવેલા મીંઢોળા નદીના કિનારે જાહેરમાં જુગાર રમતા જતીનભાઈ ભુપેન્દ્રભાઈ પંચાલ (ઉં.વ.૩૧, રહે., મઢી, બેડી ફળિયા, સાંઈનાથ નગર, તા.બારડોલી), મહેશભાઈ રવિન્દ્રભાઈ ચૌધરી (ઉં.વ.૪૬, રહે., સુરાલી, ધારીયા ઓવારા ફળિયું, તા. બારડોલી), કેતનકુમાર નટવરલાલ ટેલર (ઉં.વ.૫૦, રહે., સ્યાદલા, જૂનું ભક્ત ફળિયું, તા.વાલોડ, જિતાપી) અને ભાવેશકુમાર રોહિતભાઈ ગામીત (ઉં.વ.૩૪, રહે., બેડકુવા, દાદરી ફળિયું, તા.વાલોડ, જિ.તાપી)ને ઝડપી પાડી કુલ રૂ.3,420ની મતા કબજે કરી હતી.

### અંકલેશ્વરના દઢાલ ગામ નજીક કાર દુકાનમાં ઘૂસી જતાં દોડધામ

અંકલેશ્વર: અંકલેશ્વરના દઢાલ ગામ પાસે એક ઇકો કારના ચાલકે અચાનક સ્ટીયરિંગ પરથી કાબો ગુમાવતા કાર રોડ સાઈડ આવેલી દુકાનમાં ઘૂસી ગઈ હતી. અકસ્માતના પગલે આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સદનસીબે અકસ્માત સમયે દુકાનમાં કોઈ વ્યક્તિ હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. અકસ્માતમા કારચાલકને સામાન્ય ઇજા થઇ હતી.

# અકસ્માતની વણઝારમાં મોતનો સિલસિલો

## અરેઠના ઉટેવા ગામે બે બાઈક અથડાતા આધેડનું મોત, 4 વર્ષીય દીકરીનો ચમત્કારિક બચાવ, એકને ઈજા

માંડવી: માંડવીના તાલુકાના ઉટેવા ગામે બે મોટરસાઈકલ સામસામે અથડાતાં અકસ્માતમાં આધેડનું મોત નીપજ્યું હતું.

ઉંટવા ગામના ગામીત ફળિયામાં રહેતા રાજેન્દ્રભાઈ ભાણાભાઈ ગામીત (ઉં.વ.૬૧) પોતાની મોટરસાઈકલ (નં.GJ 19 AC 9397) પર તેમની દીકરીની ૪ વર્ષીય પુત્રી રીયાન સાથે ઉટેવા ગામથી અંબાપારડી ખાતે શનિવારી હાટ બજારમાં ગયા હતા. ત્યાંથી પરત ફરતી વેળાએ ઉંટવા ચાર રસ્તા તરફ જતા રોડ પર સામેથી આવી રહેલી એક અન્ય સુપર સ્પ્લેન્ડર બાઈક (નં.GJ 19 K 4818)ના ચાલક ધીરેનભાઈ સુનિલભાઈ ચૌધરીએ પોતાની બાઈક પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી રાજેન્દ્રભાઈની બાઈક સાથે ધડાકાભેર અથડાવી દીધી હતી. આ અકસ્માતમાં ૪ વર્ષીય બાળકીનો ચમત્કારિક બચાવ થયો હતો, જ્યારે રાજેન્દ્રભાઈને માથાના ગંભીર તેમજ ચાલક ધીરેનભાઈને પણ ઈજા પહોંચી હતી. બંને ઈજાગ્રસ્તને માંડવી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. ત્યાં રાજેન્દ્રભાઈને વધુ સારવાર માટે બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યાં હતા. જ્યાં તેમનું મોત નીપજ્યું હતું. પોલીસે ધીરેનભાઈ સુનિલભાઈ ચૌધરી વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## કરંજના મોલવણ પાસે સૂતેલા યુવક પર ટેમ્પો ફરી વળતાં મોત

માંડવી: મૂળ ઝારખંડના અને હાલ કીમ નજીક રહેતો મોહમ્મદ બબુઆ (ઉં.વ.૨૧) કરંજ ગામના મોલવણ પાસે આવેલી ક્રિષ્ના ફેશન-૦૨ કંપનીમાં નોકરી કરતો હતો. નાઈટ ડ્યુટી દરમિયાન મળસ્કે ૪ વાગ્યાની આસપાસ તે કંપનીના કમ્પાઉન્ડમાં રસ્તાની સાઈડમાં સૂતો હતો. તે દરમિયાન એક માલવાહક ટેમ્પો (નં. GJ 19 Y 3772)ના ચાલકે પોતાનું વાહન મોહમ્મદ બબુઆના માથા પર ટેમ્પો ચઢાવી દીધું હતું. ગંભીર ઈજાના પગલે તેનું મોત નીપજ્યું હતું. પોલીસે ટેમ્પોના ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



હિતેશ પટેલ

### અજાણ્યા વાહનની ટક્કરે ઉતરાજની આધેડ મહિલાનું મોત

ભરૂચ: હાંસોટના ઉતરાજ ગામે રહેતા 50 વર્ષીય નિર્મળાબેન કાકાબા હોસ્પિટલની કેન્ટીનમાં રસોયા તરીકે કામ કરતાં હતાં. તા. 5 સપ્ટેમ્બરે સવારે આઠેક વાગ્યે તેઓ હોસ્પિટલ જતાં હતાં, ત્યારે DBL કંપની નજીક કટ પર કોઈ અજાણ્યા વાહનચાલકે તેમને જોરદાર ટક્કર મારીને ફરાર થઈ ગયો હતો. ટક્કરમાં નિર્મળાબેનના માથા અને મોઢાના ભાગે ગંભીર ઈજા થતાં તેમનું મોત નીપજ્યું હતું. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે અજાણ્યા વાહનચાલકની શોધ હાથ ધરી છે.

### ઓલપાડ-કીમ હાઈવે પર અકસ્માતમાં ટ્રકચાલકનું મોત

ઓલપાડ-કીમ સ્ટેટ હાઇવે પર ઓલપાડ નજીક લુઝ સિમેન્ટ ભરેલી ટ્રક (નં. જીજે ૦૬ બીવાય ૯૯૩૩)ના ચાલકે ગફલતભરી રીતે વાહન ચલાવી અજાણ્યા વાહન પાછળ ટ્રક ભટકાવતા ટ્રકચાલક ફૈઝાન ઈસ્તીયાક મોહમ્મદ (ઉં.વ.૨૨, સરબાજપુર, જિ.પ્રતાપગઢ)ને બંને પગ અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ટ્રક માલિક મહિપત સિંહ ડોડીયાની ફરિયાદના આધારે ઓલપાડ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## લ્યો બોલો, રોકડા-દાગીના છોડી તસ્કરોએ આખું મકાન સાફ કરી નાંખ્યું

**એરથાણ ગામે મોબાઈલ, ગેસ સિલિન્ડર તો ઠીક બાથરૂમના નળો-ફુવારા પણ ચોરી ગયા**

કીમ: સુરત જિલ્લાના કીમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાને પડકારતી એક વિચિત્ર ચોરીની ઘટના સામે આવી છે. કીમના એરથાણા ગામે આવેલા ‘નિયતિ હાઉસ’ નામના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવીને ઘરનો ખૂણો-ખૂણો ખાલી કરી નાંખ્યો છે. આશ્ચર્યની વાત તો એ છે કે ચોરો ઘરમાંથી કિંમતી ઘરેણાં કે રોકડને બદલે રસોડાના ગેસના બાટલાથી લઈને બાથરૂમના નળ અને ફુવારા સુધીની નાની-મોટી કુલ ૨૮ ચીજવસ્તુ ચોરી કરીને ફરાર થઈ ગયા છે.

એરથાણા ગામે આવેલ નિયતિ હાઉસ હાલ બંધ હતું. અજાણ્યા ચોર ઇસમોએ મકાનના રસોડાની લોખંડની ગ્રીલનું લોક તોડીને અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ ઘરમાં પ્રવેશીને જે ચીજવસ્તુઓ પર હાથ સાફ કર્યો છે, તેમાં HP કંપનીનો ગેસનો બાટલો,


કિરણ ઢોડિયા

Samsung કંપનીના મોબાઈલનું ચાર્જિંગ, બાથરૂમ અને ટોયલેટમાં લગાવેલા સ્ટીલના નળ, પાણીના વાલ્વ અને ફુવારા (શાવર) આ પ્રકારે ઘરના નાના-મોટા સાધનો મળીને કુલ ૨૮ જેટલી ચીજવસ્તુઓની ચોરી થઈ છે, જેની અંદાજિત કિંમત રૂપિયા ૧૫,૦૦૦ આંકવામાં આવી છે. ચોરી અંગે મેવાસા ગામના મૂળ વતની અને હાલ સુરતના અમરોલી વિસ્તારમાં રહેતા મકાનમાલિક નરેશભાઈ

## ‘તમારા પૈસા પડ્યા’ હોવાનું કહી ઠગતી આંતરરાજ્ય ગેંગ ઝડપાઈ

**તમિલનાડુના શખ્સ સહિત બે કિશોરની અટકાયત, અંકલેશ્વર પોલીસ સમક્ષ ૮ ગુના કબૂલ્યા**

અંકલેશ્વર: અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે આંતરરાજ્ય સક્રિય ત્રિચી ગેંગના ત્રણ ઈસમને ઝડપી પાડીને વિવિધ જિલ્લાઓમાં થયેલી ૮થી વધુ ચોરીઓનો પર્દાફાશ કર્યો છે. આ ગેંગ મુખ્યત્વે ‘ઠક-ઠક’ અને ‘તમારા પૈસા નીચે પડી ગયા’ જેવી મોડસ ઓપરેન્ડીથી વાહનચાલકોનું ધ્યાન ભટકાવી ચોરી કરવામાં માહિર છે.



અંકલેશ્વર એ ડિવિઝનના PI પી.જી. ચાવડાએ તેમની ટીમ સાથે વણઉકેલ્યા ગુનાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ગત તા. ૩૧/૦૮/૨૦૨૬ના રોજ, ફરિયાદી અંકલેશ્વરના ચૌટા બજારમાં મહેશ મીઠાઈવાળાની દુકાન સામે પોતાની એક્ટીવા પાર્ક કરી મીઠાઈ લેવા ગયા હતા. ત્યારે અજાણ્યા ચોરે એક્ટીવાની ડેકી તોડી તેમાં રાખેલ રૂ.૧,૦૦,૦૦૦ રોકડા અને આધાર, પાન, ATM, ડ્રાઈવિંગ લાઈસન્સ, RC બુક, ચેકબુક સહિતના મહત્ત્વના દસ્તાવેજો ભરેલી થેલી ચોરી લઈ ગયા હતા. આ ઘટનાને ગંભીરતાથી લઈ તપાસ દરમિયાન, અંકલેશ્વરના ૧૦૦ અને સુરત શહેરના ૩૦૦ જેટલા સીસીટીવી ફૂટેજ ચેક કરવામાં આવ્યા. આ દરમિયાન પલસાણા વિસ્તારના ઈટારવા પાસે ત્રણ શંકાસ્પદ ઈસમ મળી આવ્યા હતા. પોલીસે મુખ્ય સૂત્રધાર ડી. વેંકટેશ દુરાઈરાજ ગૌડર (હાલ રહે., ૧૩, સૂર્યવંશી રેસિડેન્સી, ઈટારવા, તા. પલસાણા, જિ. સુરત, મૂળ ૨, સુરલી કોવીલ સ્ટ્રીટ, થિરૂવેરામ્બુર, તામિલનાડુ) સહિત બે આરોપી ૧૫ અને ૧૬ વર્ષના કિશોરોનો સમાવેશ થાય છે. પોલીસે યુનીકોર્ન બાઈક (નં. GJ-૧૬ BM-૦૬૩૮) કિંમત રૂ. ૭૦,૦૦૦, એક પ્લેટીના બાઈક (નં. GJ-૧૬ DL-૯૪૫૫) કિંમત રૂ. ૫૦,૦૦૦,રોકડા રૂ. ૫,૦૨૦ મળીને કુલ રૂ. ૧,૨૫,૦૨૦ મુદ્દામાલ કબજે કર્યો છે.આરોપીઓએ રોકડ રકમ ચોરી અને GIDCમાં યુનીકોર્ન વાહન ચોરી, વાલિયામાં બે ફરિયાદમાં રૂ.૩.૩૫ લાખની ચોરી, વલસાડ જિલ્લાના ધરમપુર, નવસારીના જલાલપોર, સુરત જિલ્લાના કામરેજ પોલીસમાં રૂ.૧.૫૦ લાખની ચોરી અને વડોદરા જિલ્લાના કરજણમાં બાઈક ચોરી મળીને કુલ ૮ ગુનાની કબૂલાત કરી છે.

# હાલાકી સામે રોષ, ૧૦ દિવસમાં રસ્તા સુધારો નહીં તો આંદોલન

**ગડખોલ-અંદાડા રોડની ખુલ્લી ગટરો અને ખાડાઓથી વાહનચાલકો ત્રાહિમામ**



અંકલેશ્વર: અંકલેશ્વરના ગડખોલ-અંદાડા મુખ્ય માર્ગની બિસમાર હાલત સામે આજે રોષ ફાટી નીકળ્યો હતો. ગડખોલથી અંદાડા રૂટ ઉપર રિક્ષા ચલાવતા ચાલકોએ જણાવ્યું હતું કે, માર્ગની ખરાબ હાલતના કારણે રોજિંદા ધંધા સાથે મુસાફરોને પણ ભારે હાલાકી ભોગવવી પડે છે. માર્ગ ઉપરના ખાડા, ઊબડખાબડ રસ્તા અને બિસ્માર સપાટીના કારણે નાના-મોટા અકસ્માતો સર્જાવાની ઘટનાઓ સામાન્ય બની ગઈ છે. આટલું જ નહીં, માર્ગ અને મકાન વિભાગ દ્વારા માર્ગની સાઈડમાં કોઈ યોગ્ય આયોજન વિના ખુલ્લી ગટરો ખોદી નાખવામાં આવતા પરિસ્થિતિ વધુ જોખમી બની છે. ખુલ્લી ગટરો અને બિસમાર માર્ગના કારણે રિક્ષા સહિત અન્ય વાહનચાલકોને જીવના જોખમે પસાર થવાની ફરજ પડી રહી છે. આંદોલન દરમિયાન આમ આદમી પાર્ટીના અગ્રણી નીતિન વસાવાએ માર્ગ અને મકાન વિભાગ તેમજ ભાજપ સરકાર સામે આકરા પ્રહારો કર્યા હતા. તેમણે રોડની સમસ્યાનું તાત્કાલિક નિરાકરણ લાવવાની માગ સાથે દસ દિવસનું અલ્ટિમેટમ આપ્યું હતું. દસ દિવસમાં માર્ગની સ્થિતિ સુધારવામાં નહીં આવે તો આંદોલનને વધુ ઉગ્ર બનાવવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

## મટકીફોડમાં આખલો ઘૂસતાં મચી ભાગદોડ

અંકલેશ્વર: જન્માષ્ટમી નિમિત્તે અંકલેશ્વર જીઆઈડીસીમાં મટકી ફોડનો કાર્યક્રમ યોજાયોહતો, જેને જોવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને સ્થાનિક લોકો એકઠા થયા હતા. આ દરમિયાન અચાનક એક રખડતું પશુ આ ભીડ વચ્ચે ઘૂસી ગયું હતું. પશુએ ઉભેલા લોકોને ભેટી મારતા મારતા આગળ વધવાનું શરૂ કરતાં જ લોકોમાં ભારે ગભરાટ વ્યાપી ગયો હતો અને ક્ષણભરમાં જ ભાગદોડ મચી ગઈ હતી. પરિસ્થિતિ વણસી તે પહેલાં જ ત્યાં હાજર એક સ્થાનિક ઈસમે હિંમત દાખવી પશુને ભગાડીને ભીડમાંથી બહાર કાઢ્યું હતું. સદનસીબે આ ઘટનામાં કોઈ મોટી હોનારત કે જાનહાનિ થઈ ન હતી, પરંતુ અચાનક બનેલી આ ઘટનાથી લોકો થોડા સમય માટે ભયભીત થઈ ગયા હતા. સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### મોતામાં દાદર પરથી લપસી જતાં શ્રમિક યુવાનનું મોત

બારડોલી: મૂળ ઉત્તરપ્રદેશના અયોધ્યા જિલ્લાના છતીરવા ગામનો વતની અને હાલ સુરતના અમરોલી વિસ્તારમાં શ્રીરામ ચોકડી પાસે રિલાયન્સ નગરમાં રહેતો વિજયકુમાર નંદકિશોર પાંડે (ઉં.વ.33) શુક્રવારે બારડોલીના મોતા ગામ ખાતે આવેલી આરાધના અંબેવેલી સોસાયટીમાં ગયો હતો. રાત્રિએ સોસાયટીના મકાન નં.૮૮ની અગાસી ઉપરથી દાદર ઉતરતી વખતે લપસી જતાં તેને ગંભીર ઈજા પહોંચતા તેનું મોત નીપજ્યું હતું. બારડોલી રૂરલ પોલીસ હાલ તપાસ કરી રહી છે.

### પલસાણાના સીયોદ ગામે ખેંચ આવતા તળાવમાં ડૂબી જતાં યુવકનું મોત

પલસાણા: ચોર્યાસી તાલુકાના વાંઝ ગામના હનુમાન ફળિયામાં રહેતો શીવ દિલીપભાઈ રાઠોડ (ઉં.વ.૨૮) શનિવારે બપોરે પલસાણાના સીયોદ ગામના તળાવના કિનારે ગયો હતો. ત્યાં અચાનક તેને ખેંચ આવતા તે આકસ્મિક રીતે તળાવના પાણીમાં ખાબક્યો હતો. પાણીમાં ડૂબી જતાં તેનું કમકમાટીભર્યું મૃત્યુ થયું હતું. પલસાણા પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કર્યો છે. યુવાનના આકસ્મિક મોતથી પરિવાર અને ગામમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

### ખોલવડમાં દોરા કાપવાના મશીનમાં કરંટ લાગતા યુવકનું મોત

કામરેજ: મૂળ જાલોલના કોડી ગામના વતની અને હાલ કામરેજના ખોલવડ ગામની હદમાં અમૃત ઉદ્યોગનગર વિભાગ-3માં ખાતા નંબર આઈ 41,42 માં રહીને દોરા કાપવાનું કામ કરતો કાનારામ દેવારામ ભીલ (ઉં.વ.31) શનિવારે મોડી રાત્રિના 2.00 કલાકે દોરા કાપવાનું મશીન ખોલતાં અચાનક મશીનમાંથી કરંટ લાગી જતાં બેભાન થઇ ગયો હતો. કામરેજ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જતાં તબીબે તેને મૃત જાહેર કરતાં કામરેજ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# સેગવા ગામે સહકારી ક્ષેત્રના નવયુક્ત સુકાનીઓનો ભવ્ય સન્માન સમારોહ યોજાયો

**છાપરાભાઠા ઝોનમાંથી પ્રથમ વખત ડિરેક્ટર અને સાયણ સુગરના ઉપપ્રમુખ બનેલા જતીન પટેલનું ગ્રામજનોએ ભવ્ય સન્માન કર્યું**



સુરત: ઓલપાડ તાલુકાના સેગવા સ્યાદલા ગામે ૫ સપ્ટેમ્બર સાંજે સહકારી અને રાજકીય ક્ષેત્રે ઉચ્ચ પદો પર નિયુક્ત થયેલા આગેવાનોનો ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો. સાયણ સુગરના નવનિર્વાચિત ઉપપ્રમુખ જતીન પટેલની ઐતિહાસિક જીતથી છાપરાભાઠા ઝોનમાં ઉત્સાહ જોવા મળ્યો. આ સિવાય સાયણ સુગરના પ્રમુખ, એ.પી.એમ.સી.ના ચેરમેન તેમજ સુરત જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષના સન્માન અર્થે યોજાયેલા આ કાર્યક્રમમાં ભારે જનમેદની ઉમટી હતી.

આ પ્રસંગે સાયણ સુગરના નવનિર્વાચિત ચેરમેન કેતન પટેલ, ઉપપ્રમુખ જતીન પટેલ, એ.પી. એમ.સી.ના ચેરમેન અંકુર પટેલ તેમજ સુરત જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ બ્રિજેશ પટેલનું ગ્રામજનો અને સહકારી અગ્રણીઓ દ્વારા સાલ ઓઢાડીને તેમજ પુષ્પગુચ્છ આપીને ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર ચૂંટણી અને સન્માન સમારોહમાં સાયણ સુગરના નવયુક્ત ઉપપ્રમુખ જતીન પટેલ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. છાપરાભાઠા ઝોનમાંથી ઇતિહાસમાં પ્રથમ વખત ડિરેક્ટર તરીકે ચૂંટાવાનું બહુમાન મેળવ્યા બાદ, તેઓ સાયણ સુગરના ઉપપ્રમુખ પદે નિયુક્ત થતાં સમગ્ર છાપરાભાઠા ઝોનના સભાસદોમાં ભારે આનંદ અને ગૌરવની લાગણી વ્યાપી ગઈ છે. આ ભવ્ય સન્માન સમારોહમાં કામરેજ સુગરના ડિરેક્ટર વિરલ પટેલ, સાયણ સુગરના ડિરેક્ટર ગિરીશભાઈ સુરતી, સુરત મહાનગરપાલિકાના કોર્પોરેટર રાજુભાઈ ડેપ્યુટી તેમજ વિજયભાઈ ભાટિયા અને ઓલપાડ તાલુકા પંચાયત શાસકપણ નેતા કીરીટભાઈ માસ્ટર ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તમામ નવનિર્વાચિત પદાધિકારીઓને તેમની આગામી સફળ ઇનિંગ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

### કડવા પાટીદાર સમાજનું વધાર્યું ગૌરવ

કાર્યક્રમ દરમિયાન વક્તાઓએ જણાવ્યું હતું કે, જતીન પટેલ, અંકુર પટેલ, બ્રિજેશ પટેલ, રાજુ ડેપ્યુટી અને વિરલ પટેલ જેવા પાયાના અને નિષ્ઠાવાન કાર્યકરોએ ઉચ્ચ હોદ્દાઓ પ્રાપ્ત કરીને સમગ્ર કડવા પાટીદાર સમાજનું ગૌરવ સમગ્ર જિલ્લામાં વધાર્યું છે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સેગવા ગ્રામજનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

### કડોદ -હરિપુરાની સીમા પર દીપડો દેખાતા ગ્રામજનોમાં ભયનો માહોલ



કડોદ: કડોદ-હરિપુરાની સીમા પર સ્વામિનારાયણ મંદિરની પાછળ દીપડો દેખાતાં કડોદ તેમજ હરિપુરાના ગ્રામજનોમાં ભયનો માહોલ છવાયો છે. આજે રાત્રે ૮ વાગ્યાના સુમારે કડોદ સ્વામિનારાયણ મંદિર પાસેથી હરિપુરા જવાના માર્ગ પર દીપડો જતો જોવા મળ્યો હતો. નજરે જોનાર હળપતિ દંપતીએ મોબાઇલમાં વિડીયો ઉતારી તે વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ કરતાં સમગ્ર પંથકમાં ખળભળાટ સાથે ફફડાટ વ્યાપી ગયો છે. આ અંગે બારડોલી સુગર ફેક્ટરીના ડિરેક્ટર અને કોંગ્રેસના આગેવાન તરુણ વાઘેલાએ વનવિભાગને જાણ કરી તાત્કાલિક દીપડાને પકડવા પાંજરું ગોઠવવા માંગણી કરી છે. દીપડો દેખાયો તે જગ્યાના ૫૦૦ મીટરના વિસ્તારમાં અનેક લોકોના નિવાસસ્થાનો પણ આવેલા છે, જેથી ભારે ફફડાટ અને ભયનો માહોલ ફેલાયો છે.

## પંડવાઈ સુગરની ચૂંટણીમાં ઈશ્વરસિંહ પટેલની પેનલની ક્લીન સ્વીપ



**અગાઉ 14 બેઠક બિનહરીફ, બાકીની 2 બેઠકની ચૂંટણીમાં એકતરફી જીત**

ભરૂચ: હાંસોટ તાલુકાની પંડવાઈ સુગર ફેક્ટરીની સામાન્ય ચૂંટણીમાં પૂર્વ મંત્રી અને ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલના આગેવાની હેઠળની ‘સહકાર પેનલ’એતમામ 16 બેઠક પર ક્લીન સ્વીપ કરીને ઐતિહાસિક જીત નોંધાવી છે.

અગાઉ 14 બેઠક પર સહકાર પેનલના ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવ્યાં હતાં, જ્યારે બાકી રહેલી 2 બેઠક માટે મતદાન યોજાયું હતું, જેની આજરોજ મતગણતરી કરવામાં આવી હતી. આ મતગણતરીમાં સહકાર પેનલના ઉમેદવારોએ કુલ મતદાનના આશરે 90% જેટલા મત મેળવીને વિરોધી પેનલનો સ્ટીમ રોલર ફેરવી દીધું છે. સહકાર પેનલના ઉમેદવાર વિનોદકુમાર નટવરલાલ પટેલે કદરામા બેઠક પર 3702 મત મેળવીને પોતાના હરીફ મોહંમદ સિદ્ધીક શેખ (માત્ર 398 મત)ને 3304 મતની જંગી સરસાઈથી પરાજય આપ્યો. જ્યારે અનુસૂચિત જાતિ/આદિજાતિ અનામત બેઠક પર નટવરભાઈ છગનભાઈ વસાવાએ 3668 મત મેળવીને પ્રતિસ્પર્ધી યોગેશભાઈ પરમાર (માત્ર 437 મત) ને 3231 મતથી હરાવી ભવ્ય વિજય મેળવ્યો હતો. આ ચૂંટણી પરિણામો જાહેર થતાં જ ઈશ્વરસિંહ પટેલના સમર્થકો અને ભાજપના કાર્યકરોમાં ઉત્સાહનો પાર ન રહ્યો. ડીજેના તાલ અને ફટાકડાની ગૂંજ સાથે ભવ્ય વિજય સરઘસ કાઢવામાં આવ્યું. આ સરઘસમાં મોટી સંખ્યામાં ખેડૂતો, સભાસદો અને રાજકીય સમર્થકો જોડાયા હતા. વિજયના ઉત્સાહમાં લોકોએ એકબીજાને મીઠાઈ ખવડાવીને શુભેચ્છાઓ પાઠવી હતી. આ વિજય સાથે ઈશ્વરસિંહ પટેલે સુગર ફેક્ટરીમાં પોતાનો દબદબો યથાવત રાખ્યો છે.

## નિધિના હત્યારાઓને તાકીદે પકડી કડકમાં કડક સજા કરવા માંગ

માંડવી: માંડવી તાલુકાના ગોદાવાડી ગામે વાસુદેવભાઈ ઉર્ફે નટવરલાલ રણછોડભાઈ પટેલની દીકરી નિધિની ગત તા.૨૩ ઓગસ્ટના રોજ થયેલી ઘાતકી હત્યાના પગલે સમગ્ર પંથક સહિત તળપદા કોળી પટેલ સમાજમાં ભારે આક્રોશ ફેલાયો છે. આ મામલે હત્યારાઓની તાકીદે ધરપકડ કરી તેઓને કડકમાં કડક સજા ફટકારવાની માગણી સાથે ‘શ્રી પટેલ પ્રગતિ મંડળ’ તેમજ કલ્યાણી મહિલા પાંખના હોદ્દેદારો દ્વારા માંડવી પોલીસ ઈન્સ્પેક્ટરને એક વિસ્તૃત આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, નિર્દોષ દીકરી નિધિની ક્રૂર હત્યાથી ઓલપાડ, ચોર્યાસી અને સુરત શહેર સહિત સમગ્ર વિસ્તારના સમાજના લોકો સ્તબ્ધ થઈ ગયા છે અને લોકોમાં તીવ્ર આક્રોશની લાગણી પ્રવર્તી રહી છે. પોલીસ દ્વારા તપાસ ચાલી રહી છે, પરંતુ સમાજની દ્રઢ માગણી છે કે આ નરાધમ હત્યારાઓને વિલંબ વિના તાત્કાલિક ઝડપી પાડવામાં આવે.સમાજના આગેવાનોએ પોલીસ તંત્ર સમક્ષ રજૂઆત કરી હતી કે આ કેસમાં તપાસ અધિકારીઓ વ્યક્તિગત રસ દાખવી આરોપીઓ વિરુદ્ધ હત્યાનો મજબૂત કેસ તૈયાર કરે અને કોર્ટમાં મજબૂત કાગળો રજૂ કરે, જેથી નરાધમોને આજીવન કેદ તથા ફાંસી સુધીની સખત સજા થાય.


Milano MULTIPLEX
બારડોલી
Mirzapur : The Movie
11:00am, 12:00pm, 02:00pm, 04:00pm, 06:00pm, 09:00pm, 10:00pm
Toxic
10:00am
Hanuman Ansh
03:00pm, 06:30pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333